# Vivekanand Academy, Gandhinagar
# Sector - 22
# Day to Day Current Affairs

 21st March, 2015

## ૧) ઉસ્તાદ બિસ્મિલા ખાન :–

– પ્રખ્યાત શરણાઈવાદક ઉસ્તાદ બિસ્મિલ્લા ખાનની આજે ૯ મી પૂણ્યતિથિ છે.

– તેમનો જન્મ ૨૧ માર્ચ, ૧૯૩૧ના રોજ બિહારમાં થયો હતો.

– તેમને વર્ષ – ૨૦૦૧ માં ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કરાયા હતા તેમજ તેઓ પદ્મ વિભૂષણ થી પણ સન્માનિત કરાયા હતા.

– 'ભારત રત્ન' મેળવનાર એમ. એસ. સુબ્બાલક્ષ્મી અને રવી શંકર બાદ ત્રીજા મ્યુઝીશીયન હતા.

## ૨) સનત મહેતા :–

– ગુજરાતના પૂર્વ નાણામંત્રી સનત મહેતાનું અવસાન

– જન્મ :– ૧૯ એપ્રિલ, ૧૯૨૫ના રોજ ભાવનગર જિલ્લાના જેસર ગામે થયો હતો.

– વર્ષ – ૧૯૪૨ માં તેઓ ભાવનગરમાં ભારત છોડો આંદોલનમાં જોડાયા હતા અને જેલ વ્હોરી હતી ત્યારબાદ ભૂગર્ભ આંદોલનમાં પણ જોડાયા હતા.

– વર્ષ – ૧૯૪૯માં વડોદરાને કર્મભૂમિ બનાવ્યા બાદ તેઓ મહાગુજરાત ચળવળ અને દમણ સત્યાગ્રહમાં અગ્રેસર રહયા હતા.

– વર્ષ – ૧૯૫૪ થી ૩ ટર્મ સુધી તેઓ વડોદરા કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા.

– વર્ષ – ૧૯૫૯ – ૬૦ દરમિયાન દક્ષિણ ગુજરાત સ્થાનિક સ્વરાજ મંડળ તરફથી મુંબઈ વિધાન પરિષદમાં ચૂંટાયા હતા.

– ત્યારબાદ તેઓએ ચાર વખત ગુજરાત વિધાનસભા અને એક વખત લોકસભાના સભ્ય તરીકે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

– તેઓ વર્ષ – ૧૯૭૨ – ૭૩માં ગુજરાત સરકારમાં શ્રમ અને નાગરિક પુરવઠ્ઠા મંત્રી હતા.

– વર્ષ – ૧૯૮૦ – ૮૫ દરમિયાન ગુજરાત સરકારમાં નાણા, આયોજન અને શ્રમમંત્રી હતા. તેમજ આજ સમયગાળામાં ભારત સરકારની બાળમજુરી અંગેની સમિતિના અધ્યક્ષ હતા.

– તેમજ વર્ષ – ૧૯૯૨ – ૯૩ દરમિયાન તેઓ નાણાપંચના અધ્યક્ષ રહી ચૂકયા હતા.

– છેલ્લા ૧૫ વર્ષથી તેમને રાજકારણને અલવિદા કરી સમાજ સેવા, ગરીબો અને આદિવાસીઓની આર્થિક ઉન્નતી માટેના કાર્યો કર્યા છે.

– અંતે ૨૦ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ આ મહાન લોકસેવક વડોદરા ખાતે પંચમહાભૂતમાં વિલિન થયા.

– યુવાવયે હસ્ત લિખિત 'પાંખડી' સામાયિક પ્રગટ કર્યાબાદ સનતભાઈએ અન્ય 'નયા માર્ગ' અને 'હિતરક્ષક' જેયા સામાયિકો પ્રગટ કર્યા હતા.

Vivekanand Academy, Gandhinagar

– 'ઘટનાની ભીતર' માં અને 'અધૂરો વિકાસ, અધૂરી લોકશાહી' સમાચાર પત્ર દિવ્યભાસ્કરમાં પ્રગટ થયેલા તેમના લેખોના બે સંગ્રહ છે.

**૩) ગિલ ક્રિસ્ટ ભારતમાં એજયુકેશન એમ્બેસેડર બન્યો :–**

– ભારત સાથે શૈક્ષણિક સંબધો મજબુત કરવા ઓસ્ટ્રેલિયા સરકારે પૂર્વ ક્રિકેટર એડમ ગિલક્રિસ્ટને ભારત માટે પોતાનો પહેલા એજયુકેશન એમ્બેસેડર તરીકે નિયુકત કર્યા છે.

– આગામી ૨૪ ઓગસ્ટે દિલ્હી ખાતે ઓસ્ટ્રેલિયા – ભારત શિક્ષણ કાઉન્સિલની ત્રીજી બેઠક યોજાશે.

– આ બેઠકમાં ઓસ્ટ્રેલિયાના શિક્ષણ પ્રધાન ક્રિસ્ટોફર પાઈને પણ ભાગ લેશે.

**૪) અવિનાશ વ્યાસ રચિત ગરબા આલ્બમનું વિમોચન :–**

– ગુજરાતના સુપ્રસિધ્ધ ગીતકાર – સંગીતકાર પદ્મશ્રી અવિનાશ વ્યાસની ૨૦ ઓગસ્ટના રોજ તેમની પુણ્યતિથિ નિમિતે તેમણે રચેલા ગુજરાતી ગરબાના આલ્બમ 'તાળીમાં કંકુ વેરાય' નું મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

– આ પ્રસંગે આલ્બમ જેના સુમધુર કંઠે ગવાયો છે તે પાશ્વ ગાયિકા આશા ભોંશલે, રિલાયન્સ ગૃપ પ્રેસિડેન્ટ પરિમલ નથવાણી, સંગીતકાર ગૌરાંગ વ્યાસ અને રેડ રિબનના લાલિત્ય મુન્શા ઉપસ્થિત રહયા હતા.

**૫) ઈસરોનું રિયુઝેબલ અવકાશયાન :–**

– હાલમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા 'રિયુઝેબલ લોન્ચ વ્હિકલ ટેકનોલોજી ડેમોન્સટ્રેશન' (આરએલવી – ટીડી) તૈયાર થઈ રહયું છે.

– વર્ષ – ૨૦૧૬ની શરૂઆતમાં આ અવકાશયાનનું પ્રથમ પરિક્ષણ કરવામાં આવશે.

– હેતુ :– અંતરિક્ષ પ્રોગ્રામનો ખર્ચ ઘટી શકે અને અંતરિક્ષ કાર્યમાં આવતી મુશ્કેલીઓને પહોંચી વળવા માટે

– હાલમાં અમદાવાદ ઈસરો ટેલિવિઝન પ્રસારણ પ્રયોગના ૪૦ વર્ષ ઉજવણી કરી રહયું છે.

**૬) અશ્વિન લોહાણી :–**

– તાજેતરમાં રાષ્ટ્રની હવાઈ સેવા એર ઈન્ડિયાના નવા ચેરમેન તરીકે અશ્વિન લોહાણીની નિયુકિત થઈ છે.

– આ હોદા પર તેઓ ત્રણ વર્ષ રહેશે.

– લોહાણી વર્ષ – ૧૯૮૦ બેચના ઈન્ડિયન રેલવે સર્વિસના મિકેનિકલ એન્જિનિયર છે.

**૭) 'ફોરમ ફોર ઈન્ડિયા – પેસેફિક આઈસલેન્ડ કોર્પોરેશન' (ફિપિક) :–**

– ભારત અને એશિયા – પેસેફિક ટાપુ દેશો વચ્ચે રાજસ્થાનના જયપુર ખાતે આ શીખર બેઠક યોજાઈ રહી છે.

– આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહીત પેસિફિક ટાપુના ૧૪ દેશોના અધ્યક્ષ ઉપસ્થિત રહેશે.

– આ બેઠક દરમિયાન ૧૪ દેશોના પ્રમુખ અને પ્રતિનિધિઓએ સંયુકત પરિષદમાં ભારતીય સભ્યપદનું સમર્થન કર્યુ હતું.

– આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ ફિકકીમાં ફિપિક ટ્રેડ ઓફિસની સ્થાપનાની જાહેરાત પણ કરી હતી.

Vivekanand Academy, Gandhinagar